મહત્તમ : ૩૨.૮ ડીગ્રી
લઘુતમ : ૨૬.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૯ ટકા ● સાંજે ૮૧ ટકા
ગાંધીનગર તાપમાન

# જિલ્લાની સાતેય રથયાત્રા પર પોલીસનો ચુસ્ત બંદોબસ્ત

## એક હજારથી વધુ પોલીસ કર્મચારી અધિકારીઓ બંદોબસ્તમાં સ્ટેન્ડ ટુ રહેશે
## સંવેદનશીલ વિસ્તાર અને દહેગામની રથયાત્રામાં વિશેષ પોલીસ બંદોબસ્ત ગોઠવાયો





ગાંધીનગર, તા.૧૩

રથયાત્રાને પગલે ગાંધીનગર જીલ્લામાં અલગ-અલગ સાત સ્થળોએ ભગવાન જગન્નાથજીની યાત્રા નીકળશે જે અંતર્ગત જિલ્લા પોલીસ તંત્ર એલર્ટ પર છે. ગાંધીનગર શહેર, કલોલ શહેર, માણસા, દહેગામ, પેથાપુર અને સાદરા સહિત સાત અલગ અલગ વિસ્તારો પૈકી કલોલ શહેર અને દહેગામ સંવેદનશીલ વિસ્તાર હોવાથી ત્યાં વિશેષ પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે અને શાંતિપૂર્વક રથયાત્રા સંપન્ન થાય તે હેતુસર એક હજારથી વધુ પોલીસ અધિકારી-કર્મચારીઓ રથયાત્રાના બંદોબસ્તમાં તૈનાત કરવામાં આવ્યા છે. સ્થાનિક પોલીસ દ્વારા રથયાત્રા રૂટનુ પરીક્ષણ કરી રિહર્સલ પણ કરવામાં આવ્યું છે. આ પોલીસ બંદોબસ્ત માં એક કંપની પણ સ્ટેન્ડ ટુ રાખવામાં આવનાર છે.

ગાંધીનગર જિલ્લામાંથી મોટી સંખ્યામાં પોલીસ અધિકારી કર્મચારીઓને અમદાવાદની રથયાત્રા માટે બંદોબસ્તમાં મોકલવામાં આવ્યા છે. તે ઉપરાંત આવતીકાલે રથયાત્રાના દિવસે જ ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ અમિત શાહ ગાંધીનગરમાં આવનાર હોવાથી સુરક્ષા કેટેગરી પ્રમાણે તેમની સલામતી માટે પણ ચુસ્ત પોલીસ બંદોબસ્ત ફાળવી દેવામાં આવ્યો છે. તે ઉપરાંત જિલ્લામાં અલગ અલગ સાત સ્થળોએથી નીકળનાર રથયાત્રા માટે પણ લોખંડી પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. ગાંધીનગર જિલ્લામાં કલોલ શહેર, માણસા, દહેગામ, પેથાપુર, ગાંધીનગર શહેર અને સાદરા સહિત સાત અલગ અલગ વિસ્તારોમાંથી રથયાત્રા નીકળનાર છે. જેમાં કલોલ શહેર અને દહેગામ વિસ્તાર કોમી દૃષ્ટિએ અતિ સંવેદનશીલ હોવાથી આ વિસ્તારમાં વિશેષ પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. ગાંધીનગર જિલ્લામાં રથયાત્રા માટે અલગ અલગ વિસ્તારોમાં રથયાત્રા રૂટ પર જિલ્લા પોલીસ વડા તથા બે ડીવાયએસપી, ૧૫ પીઆઈ ઉપરાંત ૫૦ પી.એસ.આઈ, ૮૦૦ પોલીસ, ૭૦ મહિલા પોલીસ, ૨૫ ટ્રાફિક પોલીસ અને એક કંપની એસ.આર.પી બંદોબસ્ત માટે ફાળવવામાં આવી છે. એક હજારથી વધુ પોલીસ અધિકારી કર્મચારીઓ ઉપરાંત ગાંધીનગર એલસીબી અને એસઓજીની ટીમો પણ ક્વિક રિસ્પોન્સ ટીમ તરીકે બંદોબસ્તમાં સ્ટેન્ડ ટુ રહેશે. સ્થાનિક પોલીસ દ્વારા રથયાત્રા રૂટ પર કાયદો-વ્યવસ્થાના દૃષ્ટિકોણથી નિરીક્ષણ કરવામાં આવ્યું છે તે ઉપરાંત અતિસંવેદનશીલ વિસ્તાર ગણાતા દહેગામ અને કલોલ શહેર ખાતે પોલીસે રૂટ નિરીક્ષણ કર્યા ઉપરાંત માર્ચ-પાસ્ટનું પણ આયોજન કર્યું હતું.

# @ગાંધીનગર

રેશનલ સમાજ ગાંધીનગરની માસિક બેઠક સાંજે ૫.૩૦ કલાકે, પ્લોટ નં. ૬૧/૧, ઘ ટાઈપ, સે-૨૩ ખાતે મળશે.

## સે-૨૮ ગાર્ડન પાસે મુસ્લિમ બિરાદરો દ્વારા રથયાત્રાનું સ્વાગત કરાશે

તા. ૧૪-૭-૨૦૧૮ના રોજ ગાંધીનગરમાં ભગવાન જગન્નાથજીની રથયાત્રાને સેકટર-૨૮, બગીચા પાસે મુસ્લિમ અગ્રણીઓ યુસુફભાઈ પરમાર (પૂર્વ.ડે. મેયર), આઝાદભાઈ મનસુરી (સંચાલક-એન.કે. સ્કૂલ), ઈનાયતઅલી સૈયદ (પ્રમુખ મુસ્લીમ એજયુકેશન ટ્રસ્ટ), દરીયાખાન સિપાહી (પ્રમુખ-હુસેની કમીટી સે-૨૯), હુસેનભાઈ (ભુરાભાઈ) મનસુરી, (કારોબારી સે-૨૧ શાકમાર્કેટ) યુસુફભાઈ મનસુરી (જીએસએફસી) મહંમદભાઈ મેમણ તથા અન્ય મુસ્લિમ અગ્રણીઓ સદભાવના, ભાઈચારા અને કોમી એખલાસના વાતાવરણમાં, ફુલહારથી સ્વાગત કરશે.

આ પ્રસંગે જીતેન્દ્રસિંહ વાઘેલા (પ્રમુખ-માઈક્રોશોપીંગ, સે-૨૮) પણ ઉપસ્થિત રહેશે.



આજ રોજ સરકારી વિનયન કૉલેજ સેક્ટર-૧૫ ગાંધીનગર ખાતે **M.A.** ની બેઠકોની માંગણી કરવામાં આવી ઓફલાઈન પ્રક્રિયા દરમિયાન બેઠકો સંપુર્ણ ભરાઈ ગઈ છે તેમાં **Economics, English, Gujarati,** મનોવિજ્ઞાન અને સમાજશાસ્ત્ર આ તમામ વિષયોમાં અંદાજે ૪૦૦ થી ૪૫૦ જેટલા વિદ્યાર્થીઓ એડમીશનથી વંચિત રહી ગયેલ છે તો આ વિદ્યાર્થીઓના ભવિષ્ય હાલમાં અધ્ધરતાલ થઈ રહ્યા હોવાથી **NSUI** દ્વારા બેઠક વધારવા માટેનું આવેદન પત્ર આપવામાં આવ્યુ હતું. આ કાર્યક્રમમાં ગાંધીનગર જીલ્લા **NSUI** નાં વિદ્યાર્થી નેતા અજયસિંહ, મિતેષસિંહ, વિજયસિંહ, કુલદીપસિંહ, નયનભાઈ, જનકભાઈ, ધવલસિંહ, રાજપાલસિંહ, કિરિટસિંહ, ઉત્કર્ષ સહીત ૧૦૦થી વધુ વિદ્યાર્થીઓ હાજર રહ્યાં હતાં.

# સે-૨૮ જીઆઈડીસીમાં ઉભરાતી ગટરથી નાગરીકોના આરોગ્ય સામે ખતરો



ગાંધીનગર, તા.૧૩

એક તરફ ચોમાસાની સિઝન છે વરસાદને પગલે નગરમાં કાદવ-કિચડની ગંદકી થઈ છે. ત્યારે બીજી તરફ ગાંધીનગર શહેરના સેકટર-૨૮ જીઆઈડીસી વિસ્તારના એલ ટાઈપમાં આવેલા પ્લોટ નં-૯૦૬-૨૪ થી ૯૦૭-૧ સુધીના વિસ્તારમાં ગટરનું ગંદુ પાણી માર્ગ પર ઉતરી આવ્યું છે. ગંદા પાણીને પગલે એલ લાઈનમાં નર્કાગાર જેવી સ્થિતિનું નિર્માણ થવા પામ્યું છે. જયારે ચોમાસામાં ઉભરાતી ગટરથી નાગરીકો અને ઉદ્યોગકારોમાં રોગચાળાનો ભય સતાવી રહ્યો છે. જેને પગલે નાગરીકોમાં આક્રોશની લાગણી ભભુકી ઉઠી છે. ત્યારે તંત્રને પણ અનેકવાર લેખિત તેમજ મૌખિક જાણ કરી હોવા છતા ઉભરાતી ગટર બંધ થઈ નથી. ત્યારે ગટરના દુષિત પાણીમાંથી ફરજીયાત નાગરીકોને પસાર થવાનો વારો આવે છે. જયારે ગંદકીને પગલે મોં પર રુમાલ રાખવો પડે તેવી સ્થિતિ જોવા મળી રહી છે. ચોમાસાની સિઝનમાં પાણીજન્ય અને મચ્છરજન્ય રોગચાળો વકરે તેવી સ્થિતિ હોય છે. હાલની સ્થિતિમાં ઝાડા-ઉલ્ટીના તેમજ તાવના કેસ સામે આવી રહ્યા છે. ચોમાસાને પગલે ઘેરઘેર માંદગીના ખાટલા હોય છે. ચોમાસામાં પાણીને પગલે કાદવ-કિચડ થતો હોવાથી ઠેરઠેર ગંદકીનું સામ્રાજય હોય છે તેમા ગટરના ગંદા પાણી બહાર આવે તો સામાન્ય નાગરીકોનું રહેવુ મુશ્કેલ થઈ પડે છે. ગંદા પાણીને પગલે મચ્છર ઉત્પન્ન થતા હોવાથી નાગરીકો રાત્રીના સમયે શાંતિથી સુઈ શકતા નથી. ત્યારે સેકટર-૨૮ જીઆઈડીસી વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી એલ ટાઈપમાં ઉભરાતી ગટરને પગલે માર્ગ પર ગંદા પાણીના ખાબોચીયા ભરાયેલા જોવા મળે છે. વરસાદી સિઝન અને ગંદા પાણીને પગલે નાગરીકોનું આ વિસ્તારમાં રહેવું મુશ્કેલ થઈ ગયું છે. ત્યારે સેકટર-૨૮ જીઆઈડીસમાં ગંદા પાણીને પગલે રોગચાળાનો ભય સતાવી રહ્યો છે. તંત્ર સમક્ષ રજુઆત કરવા છતા આજદિન સુધી ઉભરાતી ગટર બંધ થવા પામી નથી. ત્યારે આગામી સમયમાં ગટર ઉભરાતી બંધ થાય તેની રાહ જોઈને ઉદ્યોગકારો તેમજ નાગરીકો બેઠા છે.

## સિવિલમાં હજયાત્રીઓ માટે મેનીંન્જાયટીસ વેકસીન માટે સુવિધા ઉપલબ્ધ કરાઈ

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં હજયાત્રા-૨૦૧૮ માં ગાંધીનગર જિલ્લામાંથી જનાર હજયાત્રીકો માટે સિવિલના પી.પી.યુનિટ વિભાગ ખાતે તા. ૧૭ જુલાઈને મંગળવારના રોજ તેમજ તા.૧૯ જુલાઈને ગુરુવારના રોજ સવારે ૧૦ થી ૧ કલાક દરમિયાન રૂમ નં-૩૧ માં હજયાત્રીકોને મેનીંન્જાયટીસ વેકસીન આપવાનું આયોજન કરવામાં આવ્યુંછે તો દરેક હજયાત્રીઓએ સમયસર વેકસીન લેવા માટે જીએમઈઆરએસ મેડીકલ કોલેજના તબિબિ અધિક્ષકે અનુરોધ કર્યોછે.

# પત્નીએ પતિ સામે નોંધાવી ઘરફોડ ચોરીની ફરિયાદ

## છુટાછેડા લીધા બાદ હાઈકોર્ટના હુકમથી ફરી સાથે રહેવા પતિએ સે-૧૩માં ભાડે મકાન રાખ્યુ : પત્ની બહાર ગઈ હતી ત્યારે પતિએ તાળું તોડીને ઘરવખરીનો સામાન બેનના ઘરે મોકલી દેતા પોલીસ ફરિયાદ : ઘરવખરીનો મુદ્દામાલ રિકવર કરી સામાન મુકવાના મામલે પોલીસ પણ ભરાઈ

ગાંધીનગર, તા.૧૩

પાટનગરમાં એક વિચિત્ર ઘટના બનવા પામી છે. મકાનનું તાળું તોડીને અંદરથી ઘરવખરીનો સામાન ચોરી ધોળેદિવસે ઘરફોડ ચોરી કરવાના પ્રકરણમાં પત્નીએ પોતાના પતિ સામે જ ઘરફોડ ચોરીનો ગુનો દાખલ કરાવતાં ચકચાર મચી ગઈ છે. ઘરકંકાસથી કંટાળી છુટાછેડા લીધા બાદ હાઈકોર્ટના હુકમથી ફરી પતિ-પત્ની સેક્ટર-૧૩ માં ભાડે મકાન રાખીને સાથે રહેતા હતા. દરમિયાન ગઈકાલે પત્ની મકાનને તાળું મારીને બહાર ગઈ હતી ત્યારે પતિએ મકાનનું તાળુ તોડી અંદરથી ઘરવખરીનો સામાન વાહનમાં ભરાવી વલાદ ખાતે રહેતી તેમની બહેનના ઘરે મોકલી દીધો હતો. ઘટના અંગે પત્નીને જાણ થતા સેક્ટર-૭ પોલીસ મથકમાં પતિ અને ભાણીયા સામે દિવસની ઘરફોડ ચોરી અંગે ફરિયાદ આપતા પોલીસે દિવસની ઘરફોડ ચોરી અંગે ગુનો દાખલ કરી ઘરવખરીનો ચોરાયેલો મુદ્દામાલ રિકવર કરી પોલીસ સ્ટેશન લઈ આવ્યા છે.

મળતી માહિતી મુજબ ગાંધીનગરનું જ એક દંપતિ ઘરકંકાસથી કંટાળીને કોર્ટ સુધી પહોંચ્યું હતું. પતિએ છૂટાછેડાની અરજી કરી અને પત્નીએ ભરણપોષણની અરજી કરી હતી. ગાંધીનગર કોર્ટે છૂટાછેડા મંજૂર કર્યા હતા અને ભરણપોષણ પણ મંજૂર કર્યુ હતું. છૂટાછેડા ના મંજૂર કરાવવા પત્ની હાઈકોર્ટમાં અપીલમાં ગઈ અને હાઈકોર્ટે પતિ પત્નીને થોડા મહિના સાથે રહેવાનો હુકમ કર્યો હતો. જેને પગલે શહેરના સે-૧૩માં પતિએ મકાન ભાડે રાખ્યું અને પત્ની તથા સંતાન સાથે ત્યાં રહેવાનું શરૂ કર્યું. દરમિયાન ગઈકાલે સવારે સાત વાગ્યાથી બપોરે એક વાગ્યા સુધીમાં પત્ની ઘરે તાળું મારીને બહાર ગઈ હતી તે દરમિયાન પતિ અને ભાણિયો ઘરે આવ્યા હતા અને મકાનનું તાળું તોડી અંદર પડેલો ઘરવખરીનો સામાન, તિજોરી, ફ્રિજ, બે પલંગ, કપડા, કપડાની બેગ, ટી.વી, તાંબા પિત્તળના વાસણો સહિતો મકાનના પડેલો તમામ સામાન વાહનમાં ભરાવીને વલાદ ખાતે રહેતી તેમની બહેનના ઘરે મોકલી દીધો હતો. પત્ની ઘરે આવી ત્યારે જોયું તો મકાનનું તાળું બીજું હતું. બારીમાંથી અંદર નજર નાખી તો સામાન ગાયબ હતો. પત્નીને ખબર પડી કે પતિ સામાન ભરીને લઈ ગયો છે. કાયદાની પરિભાષામાં દિવસની ઘરફોડ ચોરી હતી. આખરે પતિ અને ભાણીયા સામે પત્નીએ સેક્ટર-૭ પોલીસ મથકમાં ઘરફોડ ચોરી અંગે ફરિયાદ આપતા મહિલા પી.એસ.આઈ એ.જે.શાહ એ બંને સામે ગુનો દાખલ કરી વલાદમાં પડેલો ચોરીનો મુદ્દામાલ રિકવર કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. તો બીજી તરફ હવે ઘરવખરીનો સામાન રિકવર કર્યા બાદ પોલીસ પણ મુંઝાઈ છે. રિકવર કરેલો મુદ્દામાલ લોકઅપમાં સમાવી શકાય તેટલો નથી. હાલ આ મુદ્દામાલ પોલીસ મથકના સંકુલમાં મૂકવામાં આવ્યો છે. વરસાદનું ઝાપટું પડશે તો આ તમામ મુદ્દામાલ બેકાર થઈ જશે તેમાં પણ બે મત નથી. જેને પગલે પોલીસ પણ આ મુદ્દામાલ રિકવર કરીને ભરાઈ ગઈ હોય તેવું લાગી રહ્યું છે.

## ગાંધીનગર ડીસ્ટ્રીકટની સ્વીમીંગ સિલેકશન ટ્રાયલ યોજાશે

ગાંધીનગર, તા.૧૩

૬૦મી ગુજરાત સ્ટેટ એકવેટિક ચેમ્પિયનશીપ-૨૦૧૮ આગામી તા. ૧૧ અને ૧૨ ઓગષ્ટ ૨૦૧૮ના રોજ લોકમાન્ય તિલક સ્વીમીંગ પુલ, રેસકોર્સ, રાજકોટ મુકામે યોજાશે. તો આ માટે ગાંધીનગર ડીસ્ટ્રીકટની સિલેકશન ટ્રાયલ તા. ૨૮-૭-૨૦૧૮ શનિવારના રોજ યોજવાનું નક્કી કરવામાં આવ્યું છે. તો આ સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતા સ્પર્ધકોએ તા. ૨૫-૭-૨૦૧૮ પહેલા ગુરુબક્ષસીંગ આનંદ, સેક્રેટરી ગાંધીનગર ડીસ્ટ્રીકટ સ્વીમીંગ એસોસિએશનનો સંપર્ક (મો. ૯૭૨૪૧૭૮૩૫૬) કરવા જણાવાયું છે.

## આજે આલમપુર નવા શાકમાર્કેટનો શુભારંભ

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર-ચિલોડા માર્ગ પર ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ગાંધીનગર દ્વારા બનાવવામાં આવેલા નવા શાકમાર્કેટનો શુભારંભ તા.૧૪ ને શનિવારના રોજ સવારે ૭ કલાકે કરવામાં આવશે. આ પ્રસંગે મોટી સંખ્યામાં વેપારીઓ તેમજ ખેડુતોને હાજર રહેવા અનુરોધ કરાયો છે. આગામી સમયથી શાકભાજીની હરાજીનું કામકાજ આલમપુર શાકમાર્કેટ ખાતે શરુ થાય છે. આલમપુર શાકમાર્કેટ ખાતે તા.૧૪ ને રાત્રે ૮ કલાકે ભગવાન રામદેવપીરના પાઠ પૂજનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. તો સર્વે ધર્મપ્રેમી નાગરીકોને હાજર રહેવા વેપારી એસોસીએશન દ્વારા અનુરોધ કરાયો છે. જયારે હવે પછી સે-૨૪ હોલસેલ માર્કેટ માં હરાજીનું કામકાજ બંધ રહેશે. જેથી વેપારીઓ તેમજ ખેડુતોએ શાકભાજીના વેચાણ તેમજ ખરીદ માટે આલમપુર શાકમાર્કેટ જવાનું રહેશે તેમજ હરાજીનો સમય સવારે ૭ થી ૨ કલાક સુધીનો રહેશે.

## સ્થાનકવાસી જૈન ઉપાશ્રયમાં ચાતુર્માસ મંગલ પ્રવેશ

શ્રી સ્થાનકવાસી જૈન ઉપાશ્રય, સેકટર-૨૨માં લીંબડી ગોપાલ સંપ્રદાયના બા.બ્ર.પ. પૂ. રશ્મિતાબાઈ મહાસતીજી તથા બા.બ્ર.પ.પૂ. ઈશિતાબાઈ મહાસતીજી આદિઠાણા-૨નો ગુપ્ત પ્રવેશ સેકટર-૨૨ ઉપાશ્રયમાં થઈ ગયેલ છે. પૂ. મહાસતીજીનો સ્વાગત સન્માન સમારોહ તથા પ્રધમ વ્યાખ્યાન તા. ૨૨-૭-૧૮ને રવિવારે સવારે ૯ થી ૧૧ દરમિયાન ઉપાશ્રયમાં યોજવામાં આવેલ છે. તો શ્રી સંઘના સૌ સભ્યોને દર્શન-વ્યાખ્યાનનો લાભ લેવા સ્થાનકવાસી જૈન સંઘના પ્રમુખ આર.ડી. ગાંધીએ અનુરોધ કર્યો છે.

# ચિલોડા ખાતે વ્યસનમુકિત અંગે કાનૂની શિક્ષણ શિબિર યોજાઈ



ચિલોડા, તા.૧૩

જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ-ગાંધીનગરના ઉપક્રમે ચિલોડા હોમગાર્ડ સબ યુનિટ દ્વારા ખાસ હોમગાર્ડ જવાનો માટે એક વ્યસનમુકિત કાનૂની શિક્ષણ શિબિરનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. બ્રહ્માકુમારી મેડીટેશન સેવા સેન્ટર ચિલોડાના સભાખંડમાં આયોજિત શિબિરમાં પેરાલીગલ વોલન્ટીયર નટુભાઈ પટેલે વ્યસન મુકિતની ખાસ અપીલ દ્વારા કોઈ પણ પ્રકારના વ્યસનોથી થતું શારિરીક, માનસિક-આર્થિક નુકસાન અંગે વિગતવાર સમજૂતી આપી હતી. આ અંગે ઘડાયેલ કાયદાકીય જોગવાઈ વિશે ઉપસ્થિત જવાનોને વિસ્તૃત માહિતી આપી હતી.

બ્રહ્માકુમારી કેન્દ્રના ડીડી મીરાબેને પણ ખાસ શિબિરમાં ઉપસ્થિત રહી વ્યસનમુકિત માટે ખાસ આધ્યાત્મિક રીતે ભારપૂર્વક વ્યસનો ત્યજવા અનુરોધ કરી આર્શીવચનો કહ્યા હતા.

આ શિબિરના મુખ્ય મહેમાનપદે ચિલોડા હોમગાર્ડ સબ યુનિટના ઈન્ચાર્જ ઓફિસર એન.જે. સોલંકીએ ઉપસ્થિત રહીને સર્વેને વ્યસનમુકત રહેવાનો અનુરોધ કર્યો હતો. ઉપરાંત પેરાલીગલ વોલન્ટીયર સુધીરભાઈ દેસાઈએ પણ ઉપસ્થિત રહી યોગ્ય માર્ગદર્શન પુરું પાડયું હતું.

# વેન્ટો કારમાં વિદેશી દારૂની હેરાફેરી કરતા બે શખ્સો ઝડપાયા : રૂ.૪.૨૪ લાખનો મુદ્દામાલ જપ્ત



ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર એલસીબીની ટીમને બાતમી મળી હતી કે દહેગામ નજીક આવેલા નાંદોલ રોડ પરથી વિદેશી દારૂ બિયરનો જથ્થો ભરેલી એક વેન્ટો કાર પસાર થવાની છે. જેના આધારે વોચ ગોઠવીને ત્યાંથી પસાર થયેલી આ બાતમીવાળી કારનો પીછો કરી કાર સાથે બે શખ્સોને પકડી પાડયા હતા. કારમાં તપાસ કરતા અંદરથી સવા લાખની કિંમતનો વિદેશી દારૂ-બિયરનો જથ્થો મળી આવ્યો હતો. ગાંધીનગર એલસીબીની ટીમે બંને શખ્સોને પકડી પાડી દારૂ અને કાર સહિત કુલ રૂ.૪.૨૪ લાખનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગર એલસીબી પીઆઈ જે.ડી પુરોહિત ની ટીમ ગઈકાલે મોડી રાત્રે પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન ચોક્કસ બાતમી મળી હતી કે નાંદોલથી દહેગામ રોડ ઉપર જીજે ૧ કે.એન૧૨૭૮ નંબરની ફોકસવેગન વેન્ટો કાર પસાર થવાની છે જેમાં વિદેશી દારૂ બિયરનો મોટો જથ્થો ભરેલો છે. આ બાતમીના આધારે ગાંધીનગર એલસીબી ટીમ નાંદોલ બસ સ્ટેન્ડ પાસે વોચમાં ગોઠવાઈ ગઈ હતી અને ત્યાંથી પસાર થયેલી બાતમીવાળી કાર ઉભી રાખવા ઈશારો કરતાં ડ્રાઈવરે આ કાર ભગાડી મુકી હતી. એલસીબીની ટીમે તેનો પીછો કરીને આગળથી કાર આંતરી લઈ બે શખ્સોને દબોચી લીધા હતા. સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકામાં ધાણધા ગામમાં રહેતા નિર્મલ જગદીશસિંહ રાઠોડ અને દહેગામની તુલસી હોટલના ખાંચામાં આવેલી કલ્પના-૨ સોસાયટીમાં રહેતા અલ્કેશ જયંતીભાઈ પંચાલ નામના બંને શખ્સોની ધરપકડ કરી લીધી હતી. તેમની કારમાં તપાસ કરતા અંદરથી ૪૦૮ નંગ વિદેશી દારૂની બોટલો તથા ૪૭૬ નંગ બીયરના ટીન મળી કુલ રૂ. ૧.૨૨ લાખની કિંમતનો દારૂ બિયરનો જથ્થો મળી આવ્યો હતો. એલસીબીની ટીમે દારૂ-બિયર તથા કાર અને મોબાઈલ મળી કુલ રૂપિયા ૪.૨૪ લાખની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી બંને આરોપીઓની ઊંડાણપૂર્વક પૂછપરછ શરૂ કરી છે. પ્રાથમિક પૂછપરછમાં બહાર આવ્યું છે કે આ દારૂનો જથ્થો અજીતસિંહ નામના દહેગામના રાઠોડ વાસણા ગામના બુટલેગરે મંગાવ્યો હતો અને તેને આ માલ પહોંચાડવા બંને શખ્સો જઈ રહ્યા હતા. આ સંદર્ભે ગુનો દાખલ કરી પોલીસે વધુ પુછપરછ શરૂ કરી છે.

## રવિવારે સે-૫ની વસાહત મંડળની મીટીંગ

ગાંધીનગર, તા.૧૩

સેકટર-૫ વસાહત મંડળની દ્વિવાર્ષિક સાધારણ સભા તા. ૧૫મી જુલાઈના સાંજે સાડા પાંચ વાગે સેકટર-૫ જાહેર બગીચા ખાતે વસાહત મંડળના પ્રમુખ કેશરીસિંહ બિહોલાના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવેલ છે. મીટીંગમાં દ્વિવાર્ષિક કામગીરીનો અહેવાલ તથા સેકટરના પ્રશ્નો બાબતે ચર્ચા વિચારણા કરવામાં આવશે. નવા વર્ષની કારોબારી/હોદ્દેદારોની વરણી કરવામાં આવશે તથા સભા પહેલા શોપિંગ સેન્ટર પાસે વૃક્ષારોપણ કરવામાં આવશે તેમ ઉપપ્રમુખ જીતેન્દ્રભાઈ ત્રિવેદી અને મહામંત્રી નરેશભાઈ પરમારે જણાવેલ છે.

## ચિરવિદાય

- સ્વ. શારદાબેન મંગળદાસ ચૌહાણ, ઉ.વ. ૮૧